# સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા

સફલ પ્રેલ્યુડની સામે, અશ્વરાજ બંગ્લોઝ પાછળ, કોર્પોરેટ રોડ
પ્રહલાદનગર ગાર્ડન પાસે, પ્રહલાદનગર, અમદાવાદ ૩૮૦ ૦૧૫
ફોન: (૦૭૯) ૨૬૯૧ ૯૯૦૦ ફેક્ષ: (૦૭૯) ૨૬૯૧ ૯૯૪૫
www.spipa.gujarat.gov.in

## -:અગત્યની જાહેરાત:-

સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા, અમદાવાદ ખાતે કેન્દ્ર સરકારની કચેરીઓ અને જાહેર સાહસોમાં વર્ગ ૧-૨ ની ભરતીના કામે આઇ.બી.પી.એસ., આર.બી.આઇ., એસ.બી.આઇ., એલ.આઇ.સી., એસ.એસ.સી., આર.આર.બી., વગેરે જેવી જાહેર સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી માટેના પ્રશિક્ષણવર્ગો (CGRSC) ૨૦૧૮-૧૯ માટેની પ્રવેશ પરીક્ષા માટે ઉમેદવારે ઓનલાઇન અરજી https://ojas.gujarat.gov.in/ પર તા.૩૧/૦૫/૨૦૧૮ થી તા.૧૪/૦૬/૨૦૧૮ (સમય રાત્રિના ૧૧.૫૯ કલાક સુધી) દરમ્યાન કરવા સારુ જાહેરાત હાલ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. અને તેની પ્રવેશ પરીક્ષા તા.૦૮/૦૭/૨૦૧૮ના રોજ યોજાનાર છે.

વધુમાં, સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થા, અમદાવાદ ખાતે યુપીએસસી સિવિલ સર્વિસીઝ પરીક્ષા ૨૦૧૯ (IAS, IPS, IFS etc.) પ્રશિક્ષણ વર્ગ ૨૦૧૮-૧૯ માટેની પ્રવેશ પરીક્ષાની જાહેરાત અંદાજિત માહે જૂલાઈમાં આવનાર છે, જેની ઓનલાઈન અરજી http://ojas.gujarat.gov.in/ પર તમામ ઉમેદવારોએ જાહેરાત પ્રસિદ્ધ થયેથી કરવાની રહેશે. અરજી કર્યા બાદ પ્રથમ તબક્કાની MCQ Based પ્રવેશપરીક્ષા અંદાજિત માહે ઓગષ્ટ/સપ્ટેમ્બરમાં યોજાનાર છે.

સંસ્થા દ્વારા ચાલુ વર્ષે ઉક્ત **CGRSC** તાલીમવર્ગ માટેની પ્રવેશ પરીક્ષા અને **UPSC** તાલીમવર્ગ માટેની પ્રથમ તબક્કાની કસોટી સંપૂર્ણપણે ઓનલાઈન લેવાનું નક્કી થયેલ છે. જે તમામ ઉમેદવારોએ ધ્યાને લેવાનું રહેશે. આ વર્ષે ઓનલાઈન પરીક્ષા પ્રથમવાર લેવાનાર હોઈ, ઉમેદવારોને જરૂરી માર્ગદર્શન મળી રહે તે હેતુસર મોકટેસ્ટ આપવા સારું નીચે દર્શાવેલ લિંક પર ક્લિક કરવાનું રહેશે.

**https://gujseva.gujarat.gov.in/mockexam/**

ઉક્ત લિંક પર ક્લિક કરતાં એક પેજ ખુલશે જેમાં તમારે યુઝરનેમ અને પાસવર્ડમાં test લખવાનું રહેશે. ત્યારબાદ પરીક્ષા સંબંધિત સૂચનાઓની એક નવી વિન્ડો ખુલશે જેના અંતમાં આપેલ ચેકબોક્ષમાં ટીક કરી Launch Exam ક્લિક કરતાં મોકટેસ્ટ શરૂ થશે.

ઉક્ત ટેસ્ટનો હેતુ માત્ર ડેમો આપવા અને ઓનલાઈન ટેસ્ટ કેવી રીતે અપાય એનો ટેકનીકલ-અનુભવ કરાવવા માટેનો છે. એની અંદરની તમામ વિગતો સાચી હોય એ જરૂરી નથી. જે ધ્યાને લેવાનું રહેશે.

Sd/-
નાયબ મહાનિર્દેશક
સ્પીપા, અમદાવાદ

તા.૩૧/૦૫/૨૦૧૮

ક્રમાંક: યુપીએસસી/સીજીઆરએસ-તાલીમ/૨૦૧૮-૧૯/પ્રવેશ પરીક્ષા/મોકટેસ્ટ/૨૦૧૮/સ્ટડી